Extra No. 223

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, JUNE 19, 2025 / JYAISTHA 29, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, પાટણના પત્ર ક્રમાંક : ૩૭૩૬૩ તા.૧૬/૦૬/૨૦૨૫.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩.

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૬૭૪૨ થી ૬૮૦૦/૨૦૨૫.–સંદર્ભ - ૧ ના પત્રની વિગતોએ પાટણ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા HSC (વિ.પ્ર અને સા.પ્ર)/ SSC પરીક્ષા પાટણ જિલ્લામાં જુદા - જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. આ પરીક્ષા બિલ્ડીંગની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ દુકાનો બંધ રહે તેમજ માણસોના ટોળા એકઠા ના થાય તે માટે જાહેરનામું બહાર પાડવા સારૂ અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે HSC (વિ.પ્ર અને સા.પ્ર)/ SSC પરીક્ષા દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ - ૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું વી. સી. બોડાણા (GAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરુ છું કે, સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/ સેલ્યુલર/ ફોન / પેજર / કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ /ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવુ અથવા ભેગા થવુ નહી. સુત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન તથા સ્કેનીંગની સુવિધા ધરાવાતા કેન્દ્રો ચાલુ રાખવા નહી.

અપવાદ :- આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાટણ/સિધ્ધપુર/રાધનપુર/સમી તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તમામ જિ.પાટણ

(૩) ફલાઈંગ સ્કવોર્ડના તમામ અધિકારીશ્રી

સદરહું આદેશનો ભંગ કરી કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન / પેજર / કોર્ડલેસ ફોન/ સ્માર્ટ વોચ/ ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોય આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

બિડાણ :- પરીક્ષા કેન્દ્રોની યાદી.

જૂન પુરક-૨૦૨૫ એસ.એસ.સી. પરીક્ષા ઝોન-પાટણ-૨૪			
પરીક્ષા બિલ્ડીંગ યાદી			
ક્રમ	પરીક્ષા બિલ્ડીંગ/શાળાનું નામ	બિલ્ડીંગ કંડકટરનું નામ	મોબાઈલ નંબર
૧	નૂતન વિનયમંદિર હાઈસ્કુલ, પાટણ	શ્રી મનેશકુમાર એમ. પ્રજાપતિ	૯૪૨૭૩ ૭૮૮૩૭
૨	શેઠ એમ. એન. હાઈસ્કુલ, પાટણ યુનિટ-૧	શ્રી ડૉ. ધનરાજભાઈ કે. ઠકકર	૯૯૯૮૯ ૪૬૬૫૮
૩	શેઠ એમ. એન. હાઈસ્કુલ, પાટણ યુનિટ-૨	શ્રીમતી વર્ષાબેન એમ. પટેલ	૯૯૦૪૯ ૯૧૨૭૭
૪	જ્ઞાન મંદિર ઉ. મા. શાળા, પાટણ	શ્રી પ્રવિણકુમાર એમ. પટેલ	૯૯૨૫૭ ૪૪૯૯૫
૫	આશિષ વિદ્યાલય, પાટણ	વસીમહુસેન મહમદહનીફ મેમણ	૯૬૨૪૦ ૬૩૨૪૧
૬	એસ. એમ. દેસાઈ ગોપાલક હાઈસ્કુલ	શ્રી ગોવિંદભાઈ કે. દેસાઈ	૯૮૭૯૨ ૬૦૬૧૬
૭	પી. એમ. પટેલ ગુરૂકુળ, પાટણ	શ્રીમતી શિલ્પાબેન બી. પટેલ	૯૮૨૫૫ ૭૫૨૭૭
૮	લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ યુનિટ-૧	શ્રી રમેશભાઈ આર. પટેલ	૯૮૭૯૮ ૨૦૦૪૧
૯	લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ યુનિટ-૨	શ્રી વિજયકુમાર એમ. ચાવડા	૯૪૨૭૬ ૮૨૦૬૮
૧૦	પાયોનિયર સ્કુલ, યુનિટ-૧	શ્રી રાજેશકુમાર ટી. પટેલ	૯૯૨૪૨ ૧૨૮૮૫

જૂન પુરક-૨૦૨૫ HSC પરીક્ષા ઝોન-પાટણ-૨૨				
પરીક્ષા બિલ્ડીંગ યાદી				
ક્રમ	પરીક્ષા બિલ્ડીંગ/શાળાનું નામ	સ્થળ સંચાલકનું નામ	કચેરીનું નામ	મોબાઈલ નંબર
૧	પી. પી. જી એક્સપેરીમેન્ટલ સ્કુલ, પાટણ	ઝેન એન સોઢા	પી. પી. જી એક્સપેરીમેન્ટલ સ્કુલ, પાટણ	૯૯૨૪૫ ૫૬૧૦૧
૨	વી કે ભૂલા હાઈસ્કુલ પાટણ	અશોકભાઈ સી પટેલ	વી કે ભૂલા હાઈસ્કુલ પાટણ	૯૭૨૩૩ ૮૯૯૮૯
૩	આદર્શ વિદ્યાલય, પાટણ	દિનેશભાઈ એમ ચૌધરી	આદર્શ વિદ્યાલય, પાટણ	૯૯૭૮૧ ૬૫૭૭૬
૪	બી ડી સાર્વજનીક વિદ્યાલય, પાટણ	બી આર દેસાઈ	બી ડી સાર્વજનીક વિદ્યાલય, પાટણ	૯૪૨૬૦ ૪૦૫૪૨
૫	બી એમ હાઈસ્કુલ પાટણ	રાજેશભાઈ એન પટેલ	બી એમ હાઈસ્કુલ પાટણ	૯૯૭૮૨ ૫૭૩૭૨

વી. સી. બોડાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ.

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.05 11:34:23 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara